# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 14-09-2026 Day: Monday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## બ્રિકસ શિખર સંમેલન પૂર્ણાહૂતિ

18મું બ્રિક્સ શિખર સંમેલન ગઇકાલે નવી દિલ્હીમાં પૂર્ણ થયું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારપૂર્વક જણાવ્યું કે બ્રિક્સની વિવિધતા જ તેની ઓળખ રહેવી જોઈએ, સહયોગ એ તેની પ્રેરણા હોવો જોઈએ અને તેની પ્રગતિ માનવતાના કલ્યાણમાં યોગદાન આપનારી હોવી જોઈએ.

બ્રિક્સ તેના ત્રીજા દાયકામાં પ્રવેશવા જઈ રહ્યું છે તેવો ઉલ્લેખ કરતા શ્રી મોદીએ દાવો કર્યો કે વિશ્વ હવે આ જૂથ પાસેથી માત્ર વિચારો અને પ્રતિબદ્ધતાઓ જ નહીં પરંતુ નક્કર પરિણામોની અપેક્ષા રાખે છે.

બે દિવસીય શિખર સંમેલનના અંતિમ દિવસે પોતાના સમાપન ભાષણમાં પ્રધાનમંત્રીએ કહ્યું કે બ્રિક્સ એ માત્ર દેશોનું જૂથ નથી પરંતુ ઉકેલોનું એક ઇકોસિસ્ટમ છે. તેમણે ઉમેર્યું કે છેલ્લા બે દિવસની ચર્ચાઓએ આ વિશ્વાસને વધુ મજબૂત બનાવ્યો છે.

પ્રધાનમંત્રી મોદીએ સંમેલનના બીજા અને અંતિમ દિવસે બ્રિક્સ ભાગીદાર દેશોના નેતાઓનું સ્વાગત કર્યું હતું. આ ઉપરાંત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીના ભારત મંડપમમાં બ્રિક્સ સમિટ દરમિયાન અલગ – અલગ વૈશ્વિક નેતાઓ સાથે અસંખ્ય દ્વિપક્ષીય બેઠકો કરી.

--------------------------------------------------------------------------------

## ભુજ ખાતે ફ્લેગશિપ કાર્યક્રમોની સમીક્ષા બેઠકની અધ્યક્ષતા

કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવે ભુજ ખાતે ફ્લેગશિપ કાર્યક્રમોની સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી હતી, જેમાં ગ્રેટ ઇન્ડિયન બસ્ટર્ડની સંરક્ષણ સ્થિતિ, ઘાસભૂમિ પુનઃસ્થાપન અને પ્રોજેક્ટ ચિત્તાને આવરી લેવામાં આવ્યા હતા. સમીક્ષા બેઠકમાં ગુજરાત સરકારના વન અને પર્યાવરણ, આબોહવા પરિવર્તન તથા વિજ્ઞાન અને ટેકનોલોજી કેબિનેટ મંત્રી અર્જુન મોઢવાડિયા પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે શ્રી યાદવે ગુજરાતમાં અત્યંત જોખમમાં મુકાયેલા (ક્રિટિકલી એન્ડેન્જર્ડ) ગ્રેટ ઇન્ડિયન બસ્ટર્ડ (GIB - ઘોરાડ) ના સંરક્ષણ માટેના નવા પ્રયાસો પર પ્રકાશ પાડ્યો હતો, જ્યાં તેમણે નોંધ્યું હતું કે કચ્છ એક મહત્વપૂર્ણ પરંતુ નાની અને અલગ પડેલી વસ્તીને સપોર્ટ કરે છે.

---------------------------------------------------------------------------------

## મેન્ગ્રુવ સંરક્ષણ

કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવે ભુજ ખાતે યોજાયેલી મેન્ગ્રોવ સંરક્ષણ, પુનઃસ્થાપન અને સતત વ્યવસ્થાપન પરની વર્કશોપને સંબોધિત કરી હતી. વર્કશોપને સંબોધતા, મંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે દરિયાકાંઠાની જૈવવિવિધતા, મત્સ્યોદ્યોગ, દરિયાકાંઠાના રક્ષણ, આબોહવા સ્થિતિસ્થાપકતા અને આજીવિકા માટે તેના મહત્વને ધ્યાનમાં રાખીને મેન્ગ્રોવ્સનું જીવંત ઇકોસિસ્ટમ તરીકે સંરક્ષણ કરવું જોઈએ.

આ વર્કશોપમાં ગુજરાત સરકારના વન અને પર્યાવરણ, આબોહવા પરિવર્તન અને વિજ્ઞાન અને ટેકનોલોજી કેબિનેટ મંત્રી અર્જુન મોઢવાડિયા અને ગુજરાત સરકારના

ઉચ્ચ અને તકનીકી શિક્ષણ રાજ્ય મંત્રી ત્રિકમભાઈ છાંગાએ પણ હાજરી આપી હતી અને સંબોધન કર્યું હતું,

-------------------------------------------------------------------------------

## આજે હિન્દી દિવસ

આજે હિન્દી દિવસ છે 1949 માં આજના દિને ભારતની બંધારણ સભાએ  દેવ નાગરી લિપીમાં લખાયેલ ભાષાને રાજભાષા તરીકે માન્યતા આપી હતી ત્યારથી 14 સપ્ટેમ્બરની હિંદી દિવસ તરીકે ઉજવણી થાય છે વિવિધ શાળા, મહાશાળામાં જુદી જુદી સ્પર્ધા યોજાય છે. કેટલાક સરકારી અર્ધ સરકારી સંગઠનો દ્વારા હિન્દી સપ્તાહ અને પખવાડિયાની ઉજવણી થાય છે. હિન્દીના વિકાસ માટે પ્રવૃત વ્યક્તિઓને સન્માનિત કરવામાં આવે છે.

-------------------------------------------------------------------------------

## જિલ્લામાં ગણેશચતુર્થીની ઉજવણી

આજે જિલ્લાભરમાં ગણેશ ચતુર્થીની ઉજવણી થઈ રહી છે તે સાથે ગણેશોત્સવનો પણ પ્રારંભ થઈ રહ્યો છે. જિલ્લામાં ત્રણથી માંડી પાંચ દિવસ સુધી તેની ઉજવણી થાય છે. લોકો ઘર આંગણે ગણેશજીની મૂર્તિનું સ્થાપન કરે છે. ગણેશોત્સવ દરમ્યાન પૂજન, અર્ચન, આરતી  ધાર્મિકની સાથે સાંસ્કૃતિક કાર્યક્રમોથી વાતાવરણ ગાજતું રહે છે.

-------------------------------------------------------------------------------

## જિલ્લામાં વરસાદ

બંગાળની ખાડીમાં સર્જાયેલા હવાનાં હળવા દબાણ સહિતની ચાર અલગ-અલગ સિસ્ટમના પ્રભાવથી કચ્છનાં વાતાવરણમાં બે દિવસથી પલટો આવ્યો છે. ભાદરવી તાપના આકરા પ્રભાવ વચ્ચે રવિવારે જિલ્લામાં સાર્વત્રિક હળવાં ઝાપટાંથી લઇ દોઢ ઇંચ સુધીનો વરસાદ વરસ્યો છે. હવામાન વિભાગે સોમ અને મંગળવારે ભારે વરસાદનું યલો એલર્ટ જારી કર્યું છે. અછતના સંકટ વચ્ચે વરસેલી મેઘકૃપાએ રામમોલને જીવતદાન આપ્યું છે. ત્યારે જિલ્લા કંટ્રોલ રૂમ પરથી મળેલી માહિતી મુજબ ગઇકાલ સાંજથી આજે સવારના 6 વાગ્યા સુધી માંડવી તાલુકામાં સૌથી વધુ 18 એમ.એમ., ભચાઉ 14 એમએમ, ગાંધીધામ 7 એમએમ, રાપર 3 મિલિમીટર, અંજાર બે મિલિમીટર અને અબડાસા તેમજ નખત્રાણા તાલુકામાં 1-1 મિલિમીટર વરસાદ નોંધાયો છે.

---------------------------------------------------------------------------------

<u>ક્રિકેટ</u>

ભારતીય મહિલા ટીમે વર્તમાન વિજેતા શ્રીલંકાની ટીમે 72 રને હરાવી એશિયા કપ ક્રિકેટનો ખિતાબ જીતી લીધો છે.

દુબઇ ખાતે અંતિમ જંગમાં ભારતે 5 વિકેટના ભોગે 183 રન કર્યા હતા. જેમાં શેફાલી વર્માના 68 અને  સ્મૃતિ મંધનાના 59રન મુખ્ય હતા. જવાબમાં શ્રીલંકાની ટીમ 111 રન કરી શકી હતી. શ્રી ચારણીએ 4 વિકેટ ઝડપી હતી.

બીજીતરફ ભારતે અફઘાનિસ્તાનને સાત વિકેટથી હરાવી પ્રથમ ટી 20 મેચ જીતી લઇ ત્રણ મેચની શ્રેણીનો વિજયી આરંભ કર્યો છે. દિલ્હીના અરૂણ જેટલી સ્ટેડિયમ પરની મેચમાં અફઘાનિસ્તાનના આઠ વિકેટ ગુમાવી 156 રનના જવાબમાં ભારતે

ત્રણ વિકેટના ભોગે 157 રન કરી મેચ જીતી લીધી હતી. અભિષેક શર્માએ સૌથી વધુ 82 રન જ્યારે ઈશાન કિશને 42 રન કર્યા હતા.

---